## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



અંકલ, તમારી છોકરીને ઓનલાઇન ફુડ ઓર્ડર કરતા આવડે છે તેમ મને પપ્પાનાં એકાઉન્ટમાંથી ઓનલાઇન પેમેન્ટ કરતા આવડે છે... તો વાત પાક્કી સમજુ...!!!

# કોલવડામાં માર્ગોના હાલબેહાલ બન્યા



ગાંધીનગર જિલ્લામાં કોલવડા ખાતે ટીપી નંબર ૧૪,તળાવ પાસે આવેલા માર્ગ ની બિસ્માર હાલત થઈ ગઈ છે માર્ગ ની કામગીરી અધુરી હોવાથી ખેડૂતો નાં ખેતરો નું કચચરઘાણ બની ગયું છે કોન્ટ્રાકટર પાસે ઘણા સમય થી રજૂઆતો કરી હોવા છતાં કોઈ કામગીરી થઈ રહી નથી.ચોમાસા માં અહીંયા હાલાકી પડી રહી છે ખેડૂતો ખેતરમાં અવરજવર માં મુશ્કેલી પડી રહી છે તેથી જવાબદાર અધિકારીઓ દ્વારા આ કામગીરી અધુરી રહી છે તે જડપથી પૂરી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી હતી

## ખૂણેખાંચરેથી

● માણસા તાલુકા મામલતદાર કચેરીમાંથી વચેટિયા પ્રથા નાબુદ કરવા અને તેના વિરોધમાં વકીલોએ આવેદન-પત્ર મામલતદારને આપ્યું.

● ૨૧મીએ કોંગ્રેસ દ્વારા અમદાવાદ ખાતે યોજાનાર દેખાવોમાં શહેર-જિલ્લામાંથી કાર્યકરો અમદાવાદ જશે.

● જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે આજે જિલ્લા લેન્ડ ગ્રેબીંગ કમિટીની બેઠક મળી હતી.

● આજે ૧૫ મુદ્દા અમલીકરણ સમિતિની બેઠક પણ કલેક્ટર કચેરી ખાતે મળી હતી.

● માણસા તાલુકાના ધમેડા ગામે માણસા તાલુકા ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા નવા શૈક્ષણિક સંકુલનો ભૂમિપૂજન કાર્યક્રમ યોજાઈ ગયો.

● ગુજરાત પ્રદએશ ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલે આજે પ્રમુખ તરીકેનો બે વર્ષનો કાર્યકાળ પૂર્ણ કર્યો છે. તેમણે બે વર્ષમાં સવા લાખ કિ.મી.થી વધુનો પ્રવાસ કર્યો છે.

● ગાંધીનગર શહેરમાં આજે મહિનાઓ બાદ એક જ દિવસમાં ૨૩૦૦થી વધુ લાભાર્થીઓને કોરોના વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

● જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યનો આજે જન્મ દિવસ હતો. તેમના જન્મ દિવસ નિમિત્તે કલેક્ટર કચેરીમાં કેક કાપી ઉજવણી કરાઈ હતી.

● ઈન્ડિયન ગેમ્સની ૮ જેટલી રમતો ગાંધીનગરના ત્રણ મેદાનો પર યોજાશે.

● ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાને લઈ હવે આંદોલનનો માર્ગ અપનાવવાનું આગેવાનો વિચારી રહ્યાનું જાણવા મળેલ છે.

## સાદરા સંકુલ આરોગ્ય કેન્દ્ર દ્વારા આયુર્વેદિક તેમજ બૂસ્ટર ડોઝ રસીકરણ હાથ ધરાયું



ચિલોડા, તા. ૨૦

ગૂજરાત વિદ્યાપીઠ મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાના આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારી ડૉ. નયનેશ વસાવાના આયોજન થકી સંકુલના વિવિધ વિભાગોના છાત્રાલયોના વિદ્યાર્થીઓ માટે તેમજ સેવકો માટે કોવિડ-૧૯ મહામારીની અગમચેતીના ભાગરૂપે રોગ પ્રતિકારક શક્તિ વધે તે હેતુથી બૂસ્ટર ડોઝ રસીકરણ તેમજ આયુર્વેદિક ઉકાળા વિતરણ કાર્યક્રમ હાથ ધરાયો. સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલના માર્ગદર્શન મુજબે ગૃહમાતા વસંતી પરમાર, ગૃહપતિ મોહનભાઈ પટેલ, જયેશ રાવલ, નરવર મુખી, ચેતના રાવલનો સાથ સહકાર મળ્યો.

## સાદરા સંકુલના સરદાર ઉપાસના મંદિરમાં વિશ્વ વસતિ સપ્તાહના ત્રીજા દિવસે વ્યાખ્યાન યોજાયું



ચિલોડા, તા. ૨૦

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાના સરદાર ઉપાસના મંદિરમાં વિશ્વ વસતિ સપ્તાહના ત્રીજા દિવસે પી.એચ.ડી.નો અભ્યાસ કર્તા રાણા વાઘેલાએ વસતિ શિક્ષણનો અર્થ અને વિભાવના વિષયક સુંદર વાર્તાલાપ કર્યો. સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલના માર્ગદર્શન અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દેવું અને દિવ્યેશકુમાર ભટ્ટના આયોજન મુજબે કાર્યક્રમ સફળ રહ્યો.

## નારદીપુરના પૂર્વ સરપંચે ત્રણ શાળાઓમાં પાંચ લાખ દાન આપ્યુ



ગાંધીનગર, તા. ૨૦

કલોલ તાલુકાના નારદીપુર કુમાર પ્રાથમિક શાળા મુકામે ગામના અગ્રણી દાતા અને પૂર્વ સરપંચ રાજેન્દ્રકુમાર એસ. પટેલ તરફથી નારદીપુર કુમાર પ્રાથમિક શાળા, નારદીપુર કન્યા પ્રાથમિક શાળા અને શિવમ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં કુલ ૪૭૦ બાળકોને એક જોડી ગણવેશ, બુટ અને સ્કૂલબેગ તથા કન્યા શાળામાં ૫ કોમ્પ્યુટર માટે અંદાજિત ૫ લાખ રૂપિયાનું દાન આપીને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. જે બદલ ત્રણેય શાળા પરિવાર તરફથી દાતાનું સન્માન કરવામાં આવ્યું હતું.

## બલરામ મંદિર ખાતે ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત સ્વરોજગાર મેળો તા.૩ ઓગષ્ટના રોજ યોજાશે

**આ સ્વરોજગાર મેળામાં સહભાગી થનાર મહિલાઓએ તા. ૨૭મી જુલાઇ સુધી રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે નિરમા, ડી-માર્ટ, એલ. આઇ. સી. ઓફ. ઇન્ડિયા જેવી નામાંકિત કંપનીઓ સહભાગી બનશે.**

ગાંધીનગર, તા. ૨૦

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સમગ્ર રાજયમાં તા. ૦૩ ઓગષ્ટ ના રોજ મહિલા સ્વાવલંબન દિવસ તરીકે ઉજવણી કરવામાં આવનાર છે. જે અંતર્ગત ગાંધીનગર ખાતે ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત સહાય મેળવતી ૧૮ થી ૪૦ વર્ષની મહિલાઓ માટે સ્વરોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળો સવારના ૧૦.૦૦ થી ૨.૦૦ વાગ્યા દરમ્યાન બલરામ હોલ, બલરામ પરિષદ, ઉમિયા માતાજીના મંદિર પાસે, સેકટર- ૧૨, ગાંધીનગર ખાતે યોજાશે. આ મેળામાં સહભાગી થવાનું રજિસ્ટ્રેશન તા. ૨૭મી જુલાઈ સુધી કરાવવાનું રહેશે.

મહિલા સ્વાવલંબન દિવસે યોજાનાર સ્વરોજગાર મેળાનું આયોજન ગાંધીનગર ખાતે મહિલા અને બાળ અધિકારીશ્રીની કચેરી અને રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે. આ મેળામાં નિરમા, ડી-માર્ટ, કિચન એક્સપ્રેસ પ્રા.લિ., એલ.આઈ.સી. ઓફ ઈન્ડિયા, એમ.સી.બી.એસ.પ્રા.લિ., ટેક મહિન્દ્ર લિ., અને કોસમોસ મેનપાવર પ્રા. લિ જેવી કંપનીઓ મેળામાં સહભાગી બનશે. આ મેળામાં ઓછુ ભણેલી મહિલાઓથી લઇ ગ્રેજ્યુએટ, આઈ.ટી.આઈ. અને ડિપ્લોમા અભ્યાસ કરેલી મહિલાઓ માટે અલગ અલગ કંપનીઓમાં ભરતી કરવામાં આવશે.

આ સ્વરોજગાર મેળામાં ભાગ લેવા ઈચ્છતી મહિલાઓએ તા.૨૭મી જુલાઈ, ૨૦૨૨ સુધીમાં https://docs.google.com/forms/d/e/1FAIpQLSd66vzxi-GACLy7uK8sDOAyJLG0uH5 G99EScFoPExz VOvxejg/viewform?usp=sf_link લીંક પર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

# રાયપુર પાસે ટ્રક-બાઈક વચ્ચે અકસ્માત : એકનુ મૃત્યુ

**ટ્રકનું પૈંડુ બાઈકની પાછળ બેઠેલા વ્યકિત પર ફરી વળતા ઘટના સ્થળે જ મૃત્યુ,ટ્રક ચાલકે બાઈકને અડફેટે લીધુ હતું, ટ્રક મુકીને ચાલક ફરાર**

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના રાયપુર નર્મદા કેનાલ પાસે બાઈકને પાછળથી ટ્રક ચાલકે ટક્કર મારતા બાઈક પર સવાર બે વ્યકિત નીચે પટકાયા હતા. જેમાં બાઈકની પાછળ બેઠેલા વ્યકિત પર ટ્રકનું ટાયર ફરી વળતા કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયુ હતું.જયારે બાઈક ચાલક દુર ફંગોળાઈ જતા આબાદ બચાવ થયો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ નિકોલ ગામના ઠાકોર વાસ ખાતે રહેતા દશરથજી ઉદાજી ઠાકોર ખેતી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૧૯ ના બપોરના અંદાજે અઢીવાગે દશરથજી અને તેમના કાકા જેનાજી ધુળાજી ઠાકોર હોન્ડા સીડી ડીલક્ષ બાઈક નં. જી.જે.૦૧.એમ.એલ.-૮૧૭૩ લઈ દહેગામ-નરોડા હાઈ-વે પર નર્મદા મુખ્ય કેનાલના બ્રીજ ઉપર બપોરના ત્રણ વાગ્યાના અરસામાં ટ્રક નં. જી.જે.૦૧.સી.યુ.-૫૪૦૩ ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી પાછળની બાઈકને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈકની પાછળ બેઠેલા ફરીયાદીના કાકા જેનાજી માર્ગ પર પટકાતા ટ્રકનું આગળનું ટાયર ફરી વળતા શરીરે ગંભીર ઈજા પહોંચતા સ્થળ પર જ કમકમાટીભર્યુ મૃત્યુ નિપજયું હતું. જયારે દશરથજી ઠાકોર બાઈક સાથે દુર ફંગોળાઈ જતા સામાન્ય ઈજા થઈ હતી.

અકસ્માત બાદ ટ્રક મુકીને ચાલક ભાગી ગયો હતો. બનાવને પગલે સ્થાનિક નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. જયારે બનાવ અંગે પોલીસને જાણ થતા સ્થળ પર આવી મૃતદેહને પીએમ માટે ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા.ત્યારબાદ પરિવારના મનુજી ધુળાજી ઠાકોરને પોલીસે મૃતદેહ સોંપ્યો હતો. જયારે ટ્રક ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



ગાંધીનગરમાં બહુ વરસાદ પડ્યો નથી પરંતુ ઠેર ઠેર પાણી ભરાવવાની સમસ્યા યથાવત રહી છે. સિવિલ હોસ્પિટલના ઓક્સીજન પ્લાન્ટ પાસે વરસાદી પાણી ભરાતા અહીં મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. અહીં પાણીનો નિકાલ થવો જરૂરી છે.

# જીઆઈએલ કૌંભાડ પ્રકરણની રૂચી ભાવસાર જેલ ભેગી

ગાંધીનગર,તા.૨૦

ગુજરાત ઈન્ફોર્મેટીકસ લીમીટેડ (જીઆઈએલ) કંપની સાથે રૂ.૩૫ કરોડનું ફુલેકુ ફેરવનાર માસ્ટર માઈન્ડ રૂચી ભાવસારના રીમાન્ડ પુરા થઈ જતા સેન્ટ્રલ જેલ મોકલી આપી છે.

જયારે બીજીતરફ એલસીબીની તપાસમાં સરગાસણની ધ બ્લેકબોકસ કંપનીમાં પણ રૂ.૨.૪૭ કરોડ ટ્રાન્સફર કર્યાનું સામે આવતા પ્રિતેશ પટેલની પણ ધરપકડ કરી રીમાન્ડ લઈ પુછપરછ કરવામાં આવી હતી.

મળતી વિગત મુજબ શહેરના સેકટર-૧૦ સ્થિત ગુજરાત ઈન્ફોર્મેટીકસ લીમીટેડ પ્રકરણમાં ૩૫ કરોડના કૌંભાડના મુખ્ય સુત્રધાર રૂચી ભાવસારને પકડી રીમાન્ડ લેવામાં આવ્યા હતા. જેમાં પોલીસ તપાસમાં મહત્વની કડીઓ હાથમાં આવી હતી. જેથી એક પછી એક બોગસ કંપનીના સંચાલકો સુધી તપાસ પહોંચી છે. ત્યારે સરગાસણની ધ બ્લેક બોકસ કંપનીમાં ટેન્ડર વિના રૂ.૨.૪૭ કરોડ રૂચી ભાવસારએ ટ્રાન્સફર કર્યા હોવાનું સામે આવ્યું હતું. ત્યારે એલસીબી પોલીસે બોગસ કંપનીના પ્રિતેશ પટેલની પણ ધરપકડ કરી તપાસ હાથ ધરી હતી. જેમાં પ્રિતેશ દુકાનની ખરીદી કરી છે, દેવુ ભરપાઈ કર્યુ છે તેમજ અન્ય રૂપીયા મિત્રોને આપ્યા હોવાનું સામે આવ્યું છે. ત્યારે જીઆઈએલ પ્રકરણમાં રૂચી ભાવસારના રીમાન્ડ પુરા થઈ જતા તેને જેલ હવાલે મોકલી આપી છે.

# મેડીકલ કોલેજની ત્રણેય હોસ્ટેલમાં લાઈટ-પંખા બંધ હોવાની ફરીયાદો

**હોસ્ટેલના બિલ્ડીંગમાં લોબી તેમજ રૂમની લાઈટો બંધ હોવાથી વિદ્યાર્થીઓએ અંધકારમાં રહેવાની ફરજ પડે છે.**

ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં આવેલી મેડીકલ કોલેજની ગર્લ્સ, બોઈઝ અને પીજી હોસ્ટેલમાં રહેતા તબિબિ વિદ્યાર્થીઓને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. હોસ્ટેલ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી લાઈટ, પંખા બંધ હોવાની અઢળક ફરીયાદો ઉઠવા પામી છે.

હોસ્ટેલની બિલ્ડીંગમાં લોબી તેમજ રૂમની લાઈટો બંધ હોવાથી વિદ્યાર્થીઓએ અંધકારમાં રહેવાની ફરજ પડે છે. ત્યારે પંખા અને લાઈટો અંગે વિદ્યાર્થીઓની ફરીયાદો છતા તંત્ર દ્વારા કામ થતુ ન હોવાથી વિદ્યાર્થીઓમાં રોષ જોવા મળી રહ્યો છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલ કેમ્પસ લાઈટોથી ઝગમગે છે. હોસ્પિટલ તેમજ કોલેજમાં રાત્રીના સમયે પણ દિવસ જેવું અજવાળુ જોવા મળે છે. કારણ કે કેમ્પસમાં ચો તરફ લાઈટો લગાવી દેવામાં આવી છે.

પરંતુ મેડીકલ કોલેજની હોસ્ટેલમાં લાઈટ-પંખાની વ્યાપક ફરીયાદ સામે આવી છે. તબિબિ વિદ્યાર્થીઓને રાત્રીના સમયે અભ્યાસમાં પણ તકલીફનો સામનો કરવો પડે છે. કેટલાક વિદ્યાથીઓ ચાર્જેબલ લાઈટનો ઉપયોગ કરે છે. લાઈટો બંધ થઈ જતાતંત્ર દ્વારા તેને બદલી દેવામાં આવે છે, અને પંખા પણ રીપેર કરી દેવામાં આવે છે.

પરંતુ છેલ્લા કેટલાક સમયથી વિદ્યાર્થીઓની સમસ્યાનો ઉકેલ આવ્યો ન હોવાનું જાણવા મળ્યું છે. ગર્લ્સ,બોઈઝ અને પીજી હોસ્ટેલમાં બિલ્ડીંગની ફરીયાદ બુકમાં પણ ફરીયાદો લખવામાં આવી છે.

ત્યારે મેડીકલ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી તગડી ફી વસુલવામાં આવે છે.તેમ છતા મેડીકલ કોલેજ તંત્ર વિદ્યાર્થીઓને સુવિધા પુરી પાડી શકતુ નથી.

## ગૌ-સેવા-ગૌચર વિકાસ બોર્ડના કૌંભાડી તત્કાલીન પશુપાલન નિયામકના કોર્ટે બે દિવસના રીમાન્ડ મંજુર કર્યા

ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગર જુના સચિવાલય ખાતે ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડમાં તત્કાલીન મદદનીશ પશુપાલન નિયામક તરીકે ફરજ બજાવતા ડો.શશીકાંત ડાહ્યાલાલ પટેલે પોતાના હોદ્દાનો દુરઉપયોગ કરીને સત્તા ન હોવા છતા રાજયના ૧૩ સંસ્થા-ટ્રસ્ટોનું અસ્તિત્વ છે.

કે નહી તેમજ ટ્રસ્ટો પબ્લિક ચેરીટી એકટ હેઠળ નોંધાયેલ છે કે નહી તેની તપાસ કર્યા વિના ટ્રસ્ટીઓ સાથે સાંઠગાંઠ કરીને સહાયની રકમ મંજુર કરી હતી. ઉપરાંત અન્ય કેટલાક ચેકમાં પોતાની સહી કરી ટ્રસ્ટોના એકાઉન્ટમાં રૂ.૧૦.૧૬ કરોડનું કૌંભાડ કરવામાં આવ્યું છે. ત્યારે આ કૌંભાડના મુખ્ય સુત્રધાર ડો.શશીકાંત પટેલની એસીબી પોલીસે ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા કોર્ટે આરોપીના બે દિવસના રીમાન્ડ મંજુર કર્યા છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજયના વિવિધ જિલ્લામાં આવેલા કુલ ૮૭ ગ્રામ પંચાયતોમાં કામગીરી થઈ છે કે નહી, તેમ જ બીલો સાચા છે કે ખોટા તેની ચકાસણી કર્યા વિના રૂ.૧૦.૧૫ લાખ બોર્ડના ચેરમેન કે અન્ય સભ્ય કે સચિવ કોઈપણની પૂર્વ મંજુરી વિના પોતાની સહીથી ૧૩ ટ્રસ્ટોને ૮૭ ગ્રામ પંચાયતમાં કામગીરી થઈ છે તેમ કાગળ પર બતાવી ખોટા બીલો દર્શાવી અન્ય સાથીઓ સાથે મળી કાવતરુ રચ્યું હતું.

ગાંધીનગર એસીબીમાં ફરીયાદ નોંધાતા પીઆઈ એચ.બી.ચાવડાએ મુખ્ય આરોપી ડો.એસ.ડી પટેલની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરી ૭ દિવસના રીમાન્ડની માંગ કરી હતી. ત્યારે સરકાર તરફે સ્પેશ્યલ પબ્લિક પ્રોકિકયુટર ધવલ.એ.મહેતા એ કોર્ટમાં સચોટ દલીલો કરી હતી કે આરોપી સામે રૂ.૧૦ કરોડથી વધુની માતબર રકમના ગંભીર ગુનાની તપાસ કરવા આરોપીની હાજરીની જરુર હોય અને આરોપીની હાજરી વિના તપાસ આગળ વધી શકે તેમન હોય તપાસના કામે આરોપીની સતત હાજરી અનિવાર્ય છે તેવા વિવિધ મુદ્દાઓ કોર્ટ સમક્ષ રજુ કરી આરોપીના રીમાન્ડ મંજુર કરવા રજુઆત કરી હતી. જેમની દલીલોને ગાહ્ય રાખી કોર્ટે આરોપીના બે દિવસના રીમાન્ડ મંજુર કરવાનો હુકમ કર્યો છે.

# ઈન્ફોસીટી ટાવર-૧ માં ત્રીજામાળે આવેલી ગાયત્રી ઈન્ફોસીસમાં ૧૦૦ ફુટ કોપર પાઈપની ચોરી

ગાંધીનગર, તા.૨૦

ઈન્ફોસીટી ટાવર-૧ માં ત્રીજા માળે આવેલી ગાયત્રી ઈન્ફોસીસ કંપનીની ઓફીસના છતમાં લગાવેલી સેન્ટ્રલ એસીની આશરે ૧૦૦ ફુટ કોપરની પાઈપની ચોરી થઈ છે. ઓફિસના પાછળના ભાગે લગાવેલા દરવાજાનું ઈન્ટરનલ કોલ તેમજ જાળીમાં લગાવેલ તાળાનો નકુચો તોડી હોલમાં પ્રવેશી રૂ.૧૦ હજારની કોપરની પાઈપો ચોરી ચોર શખ્સો પલાયન થઈ ગયા છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ નરોડા ખાતે રહેતા કલ્પેશ રામભાઈ પટેલ છેલ્લા ૧૪ વર્ષથી ઈન્ડીયન આર્યન એકસચેન્જ એન્ડ કેમીકલ લિમીટેડ કંપની એકાઉન્ટ મેનેજર તરીકે ફરજ બજાવે છે. જયારે વર્ષ ૨૦૧૬માં તેઓની કંપની દ્વારા ગાયત્રી ઈન્ફોસીસના નામે આઈટી ટાવર-૧ માં ત્રીજા માળે ૧૮૦૦ સ્કવેર ફુટની ઓફિસ લીધી હતી. આ ઓફિસમાં એસી તેમજ ફુલ ફર્નિચર સહિત તમામ વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારે આ ઓફિસ એક વર્ષ સુધી ટીસીએસ કંપનીને ભાડે આપવામાં આવી હતી. ટીસીએસ કંપની દ્વારા ઓફિસ ખાલી કરવામાં આવતા ઓફિસ છેલ્લા સાડા ચાર વર્ષથી બંધ હાલતમાં છે. ઓફિસના કર્મચારીઓ દ્વારા સમયાંતરે ઓફિસનું નિરીક્ષણ કરવામાં આવે છે. ગત તા.૭ જુલાઈના રોજ ઓફિસના કર્મચારીઓ સવારના ૧૧ વાગે ઓફિસ ચેક કરવા માટે ગયા હતા. તે સમયે ઓફિસનો સામાન સહી સલામત હતો. પંરતુ લાઈટ બંધ હોવાથી તે ચાલુ કરાવતા ઓફિસના મુખ્ય દરવાજાથી મોટા હોલમાં છત ઉફર લગાવેલી સેન્ટ્રલ એસીની ડક લાઈનસર ખુલ્લી હતી. જેથી તપાસ કરતા બે એસીની અંદાજીત રૂ.૧૦ હજારની ૧૦૦ ફુટ કોપરની પાઈપની ચોરી થઈ હતી. જયારે ઓફિસની પાછળની બાજુએ ઓફિસની બહાર નીકળવા માટે દરવાજાનું ઈન્ટરલોક તેમજ લોખંડની જાળીનો નકુચો તોડી અંદર પ્રવેશી ચોર શખ્સોએ ચોરીને અંજામ આપ્યો હશે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ૧૦૦ ફુટ કોપર પાઈપની ચોરી અંગે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



સેક્ટર-૬માં વન વિભાગની જમીનમાં મસમોટો ભૂવો પડ્યો છે. આ ભૂવાના કારણે આસપાસ ઉછરેલા વૃક્ષો પડી જવાનો ભય સેવાઈ રહ્યો છે. તાત્કાલિક આ ભૂવાનું પૂરાણ કરવાની જરૂરીયાત છે.

## લાયન્સ ક્લબ દ્વારા નેત્ર નિદાન, બ્લડપ્રેશર, ડાયાબિટીસ તપાસ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

લાયન્સ, લાયોનેસ અને લીયો ક્લબ દ્વારા જાસપુર ખાતે નેત્ર નિદાન, બ્લડપ્રેશર ડાયાબિટીસ તપાસ તેમજ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ નેત્ર નિદાન કેમ્પમાં લાયન્સ કર્ણાવતી આઈ હોસ્પિટલના સહયોગથી કુલ ૧૬૦ જેટલા લાભાર્થીઓની આંખોની તપાસ કરવામાં આવી તેમજ રાહતદરે ચશ્માનું વિતરણ કરાયુ હતું. આ ઉપરાંત જિલ્લા પંચાયત ગાંધીનગર એન.સી.ડી. સેલ ટીમ દ્વારા ૧૬૦ જેટલા લાભાર્થીઓની બ્લડપ્રેશર તેમજ ડાયાબીટીસની તપાસ કરવામાં આવી હતી. આર્થિક સહયોગ લાયન નટુભાઈ સોલંકી દ્વારા મળ્યો હતો. ૮૦ જેટલા વૃક્ષો વાવી વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં ત્રણેય કલબના પ્રમુખો, પૂર્વ પ્રમુખો અને સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.